જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**  **સમાચાર યાદી નં.૬૦/૧૭**

**શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરીના ગુન્હા શોધી કાઢી કુલ્લે કિં.રૂ.1,35,000/-ના 07 વાહન કબજે કરી કાયદાના સંઘર્ષમાં આવેલ બે કિશોરોને પકડી પાડતી શાહપુર પોલીસ**

આજરોજ શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ના.પો.કમિ.શ્રી ઝોન-૨ તથા મ.પો.કમિ.શ્રી "સી" ડિવિઝન સાહેબ નાઓની સુચનાથી સિનીયર પોલીસ ઇન્સપેક્ટર એલ.બી.પરમાર સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ સી.વાય.બારોટ તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનવા પામેલ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો.વિષ્ણુભાઇ મફાભાઇ તથા પો.કો.મુકેશભાઇ ડાહ્યાભાઇ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે કલાક ૧૫/૫૦ વાગે બરફીવાલા હોલ શંકરભુવન ખાતેથી કાયદાનાં સીધા સંઘર્ષમાં આવેલ બે કિશોર પાસેથી શાહપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ.ગુ.ર.નં-૦૩/૨૦૧૭ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુન્હાના કામે ચોરીમાં ગયેલ એક્સેસ નં-GJ-01-NR-1786 કિં.રૂ.૧૫,૦૦૦/-ની મત્તાનુ કબજે કરેલ જેઓની સઘન પુછપરછ દરમ્યાન આ ગુન્હા સિવાય અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પણ વાહનો ચોરી કરી પેટ્રોલ પુરૂ થઇ જતા અવાવરૂ જગ્યાઓ ઉપર મુકી રાખેલ વાહનો કબજે કરેલ જે વાહનો નીચે મુજબ



(૧) શાહપુર પોલીસ સ્ટેશન I-84/2016 ના કામે ચોરીમાં ગયેલ એક્ટીવા નં-GJ-27-P-8838  કિં.રૂ.૨૫,૦૦૦/-
(૨) શાહપુર પોલીસ સ્ટેશન I-04/2017 કામે ચોરીમાં ગયેલ એક્ટીવા નં-GJ-01-SA-4669  કિં.રૂ.૨૦,૦૦૦/-
(૩) મણીનગર પોલીસ સ્ટેશન એક્ટીવા નં-GJ-01-CR-0325  કિં.રૂ.27.000/-
(૪) રીવરફ્રન્ટ પોલીસ સ્ટેશન એક્ટીવા નં-GJ-01-PG-6648 કિં.રૂ.23.000/-
(૫) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તાર GJ-11-BB-5475 કિં.રૂ.15.000/-
(૬) શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તાર બજાજ પ્લેટીના નં-GJ-01-LJ-7894 કિં.રૂ.10,000/-

આ કામે પકડાયેલ કાયદાના સીધા સંઘર્ષમાં આવેલ બન્ને કિશોરો જે અભ્યાસ કરે છે તેમજ પોતાની મોજશોખ ખાતર વાહનોની ચોરી કરી પેટ્રોલ પુરૂ થતા અવાવરૂ જગ્યાઓ ઉપર મુકી રાખે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)